



ગાંધીનગર ખાતે આઈઆઈટીના લોકાર્પણ સમારોહમાં પ્રધાનમંત્રીએ ડીજીટલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા વિદ્યાર્થીઓને અનુરોધ કર્યો હતો... આ પ્રસંગે કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી પ્રકાશ જાવડેકર, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ, શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતની ૨૦ યુનિવર્સિટીઓને વિશ્વની ટોચની ૫૦૦ યુનિવર્સિટીઓમાં મોખરાના સ્થાન પ્રાપ્ત કરવા પડકાર ફેંક્યો હતો અને જણાવ્યું હતું કે, સ્વરાજ્ય માટે સાક્ષરતા જરૂરી હતી તેમ સુરાજ્ય માટે ડિજિટલ સાક્ષરતા અનિવાર્ય છે.

# પ્રધાનમંત્રીએ ભાવપૂર્વક દ્વારકાધીશના પૂજન-અર્ચન કર્યા





ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા આજે જગત મંદિરને ફુલોથી શણગારવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીએ આજે દ્વારકાની મુલાકાત સમયે ભગવાન દ્વારકાધીશના ચરણોમાં મસ્તક ઝુકાવી ધન્યતા અનુભવી હતી.

મંદિરના મુખ્ય પુજારી પ્રવિણભાઈ ભાગવાનજીભાઈએ શાસ્ત્રોકત વિધીપુર્વક પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને પાદુકાપૂજન વિધી કરાવી હતી. નરેન્દ્રભાઈ મોદીએ ભક્તિભાવપુર્વક ભગવાન દ્વારકાધીશના પૂજન-અર્ચન કરીને દેશના લોકોની સુખાકારીમાં વધારો થાય તેવી પ્રાર્થના કરી હતી. ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, કેન્દ્રિય મંત્રી નીતિનભાઈ ગડકરી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ પુજાવિધિમાં જોડાયા હતા. પ્રધાનમંત્રી મંદિરના પટાંગણમાં આવી પહોંચતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, જિલ્લા કલેકટર જે.આર. ડોડીયા, દ્વારકાધીશ મંદિર વ્યવસ્થાપક સમિતિના ઉપાધ્યક્ષ ધનરાજભાઈ નથવાણીએ પુષ્પગુચ્છ અર્પણ કરી પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યુ હતું.

દ્વારકાધીશ મંદિર વ્યવસ્થાપક સમિતિના સભ્ય હરિભાઈ આધુનિકને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સુરક્ષાના કવચ છોડીને મળવા ગયા હતા તથા તેમના તબિયતના ખબરઅંતર પુછયા હતા. હરિભાઈ આધુનિકે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીને દેશ શાસનના સફળ નેતૃત્વ અને વિકાસની ગતિશીલતા સતત ઉન્નત રાખવા માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રધાનમંત્રીએ લોકોનું અભિવાદન ઝીલ્યુ હતું.

આ પ્રસંગે જામનગરના સાંસદ પુનમેન માડમ, ધારાસભ્ય પબુભા માણેક, મુખ્ય સચિવ ડૉ. જે.એન. સિંઘ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## વડાપ્રધાનના ચોટીલા ખાતેના કાર્યક્રમની સાથે...સાથે...

- પાંચાળ ભૂમિ ચોટીલાના ડુંગરે વિદ્યમાન દેવી મા ચામુંડાના સાનિધ્યમાં યોજાયેલા વિકાસ કામોના લોકાર્પણ-ભૂમિ પૂજનનો કાર્યક્રમ ઐતિહાસિક બની રહ્યો છે.
- લોક હૃદયસ્થ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને સાંભળવા માટે વહેલાસરથી જ લોકો સભા મંડપમાં આવવા લાગ્યા હતા.
- સભા મંડપમાં વહીવટી તંત્ર દ્વારા બેસવા તથા આનુસાંગિક વ્યવસ્થા સુંદર રીતે કરવામાં આવી હતી.
- સંગીત નાટ્ય અકાદમીના પંકજ ભટ્ટ અને તેમની ટીમ દ્વારા સાંગીતિક કાર્યક્રમોની કર્ણપ્રિય પ્રસ્તુત કરવામાં આવી હતી. જાણીતા ગાયક બંકિમ પાઠકે દેશભક્તિના ગીતો થકી માહોલ જમાવી દીધો હતો.
- વડાપ્રધાન તથા મહાનુભાવો દ્વારા સૌરાષ્ટ્રની જનતાને ભેટ આપવામાં આવેલા વિકાસ કામો જોઈએ તો રૂ.૧૪૦૦ કરોડનું હિરાસર ગ્રિનફીલ્ડ એરપોર્ટ, રૂ.૨૮૬૩ કરોડના રાજકોટથી





અમદાવાદ હાઈવેનું વિસ્તૃતિકરણ તથા રૂ.૩૭૫ કરોડના ખર્ચથી રાજકોટ-મોરબી ચાર માર્ગીય, સુરેન્દ્રનગરની સૂરસાગર ડેરીમાં રૂ. ૭૫ કરોડના ખર્ચેથી મિલ્ક પ્રોસેસીંગ-પેકીંગ પ્લાનનું ભૂમિ પૂજન અને સુરેન્દ્રનગર માટેની રૂ. ૨૧.૫ કરોડની પાણી પુરવઠા યોજનાનું લોકાર્પણ કર્યું હતું.
- સભા મંડપમાં ઉપસ્થિતોએ હું છુ વિકાસ, હું છુ ગુજરાત અને ભારત માતા કી જયના ગગનભેદી નારા લગાવ્યા હતા.
- વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ઉપમુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ સભા મંડપમાં આવ્યા ત્યારે તેનું ભવ્ય સ્વાગત કરાયું હતું.
- કાર્યક્રમની શરૂઆતમાં મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું.
- એરપોર્ટ તથા વિવિધ પ્રજાલક્ષી વિકાસ કામોનું ડિઝીટલ માધ્યમથી ભૂમિ પૂજન તથા લોકાર્પણ કર્યું હતું.
- સભા મંડપમાં સૌરાષ્ટ્રની સંસ્કૃતિના દર્શન થાય એમ લોકો પરંપરાગત પરિધાનમાં આવ્યા હતા.
- સુરેન્દ્રનગર અને રાજકોટના સાંસદો તથા ધારાસભ્યો, અગ્રણીઓએ વિશાળ પુષ્પમાળા પહેરાવી વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું.
- ચોટીલામાં બેડલાધારી બહેનોએ કતારબંધ ઊભા રહી હર-હર મોદી, ઘર-ઘર મોદીના નાદથી સ્વાગત
- અમદાવાદ-રાજકોટ રાષ્ટ્રીય ધોરી માર્ગનાં છ માર્ગીકરણના તેમજ રાજકોટ-મોરબી રાજય ધોરીમાર્ગને ચાર માર્ગીય બનાવવાના કામનું ભૂમિપૂજન

# એવિએશન સેક્ટરનો વિકાસ ખુબ ઝડપથી થશે : વડાપ્રધાન

અમદાવાદ, તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચોટીલા ખાતે વૈશ્વિક કક્ષાના ગ્રીનફીલ્ડ એરપોર્ટનું ભૂમિપૂજન કરતા જણાવ્યું હતું કે, સુરેન્દ્રનગર-રાજકોટ જિલ્લાની મધ્યમાં નિર્માણ થનાર આ આધુનિક એરપોર્ટના કારણે આવનાર દિવસોમાં સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લા એકબીજા સાથે વિકાસની તંદુરસ્ત સ્પર્ધા કરશે. તેજ ગતિથી આગળ વધવાની સંભાવનાવાળા આ બે જિલ્લાઓને ધ્યાને લઈ ભારત સરકાર દ્વારા અહીં ભવ્ય એરપોર્ટ બનાવવાનો નિર્ણય કરાયો છે. જેના પરિણામે આ વિસ્તાર સાથે સૌરાષ્ટ્રની સમૃદ્ધિના દ્વાર ખુલશે. હવાઈ ચપ્પલ પહેરનાર સામાન્ય વ્યક્તિ પણ હવાઈ મુસાફરી કરી શકે તેવો એવીએશન સેક્ટરના વિકાસ કરવાનું કેન્દ્ર સરકારે આરંભ્યું છે. ચોટીલા ખાતે યોજાયેલી વિશાળ જાહેર સભાને સંબોધતા વડાપ્રધાનએ ઉક્ત સંદર્ભમાં જણાવ્યું હતું કે, એવીએશન પોલીસી થકી અમદાવાદ-મુંબઈ-ચેન્નાઈ જેવા મોટા શહેરોની સાથે નાના-નાના શહેરોમાં પણ એર કનેકટીવીટી ઉપલબ્ધ બને તેવી સરકારની નેમ છે. જેને અનુરૂપ રાજકોટના હિરાસર ખાતે નિર્માણ થનાર આ એરપોર્ટ ઉપરથી ભવિષ્યમાં ઈન્ટરનેશનલ સર્વિસ શરૂ થશે, એ દિવસો પણ હવે દુર નથી. વડાપ્રધાનએ ગુજરાતમાં નર્મદાના નીર થકી આવેલ સમૃદ્ધિનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, નર્મદાના નીરનો સૌથી વધુ લાભ સુરેન્દ્રનગર જિલ્લાને મળ્યો છે. નર્મદાના નીર થકી આ જિલ્લો આવનારા દિવસોમાં કૃષિના વિકાસની સાથે ઔદ્યોગિક વિકાસનું કેન્દ્ર બનશે અને રોજગારીની વિપુલ તકો ઉપલબ્ધ થશે. નર્મદાના નીરના દ્વારા જિલ્લાની કૃષિ સમૃદ્ધિમાં વધારો થયો છે. જેના કારણે જિલ્લાની જમીનની કિંમત પણ વધી છે. જેને ધ્યાને લઈ સરકારે હિરાસર ખાતે નિર્માણ થનાર આ ગ્રીનફીલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટ માટે ખેડુતોની ઓછામાં ઓછી જમીન

(અનુસંધાન નીચેના પાને)

સંપાદન થાય તેનું ખાસ ધ્યાન રાખ્યું છે. જેના પરિણામે આ પ્રોજેક્ટ માટે ખેડુતોની માત્ર ૪ ટકા જમીન સંપાદિત કરવામાં આવી છે. બાકીની ૯૬ ટકા જમીન સરકારી બંજર જમીન છે.

## અભિયાનનો શુભારંભ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માધ્યમથી દેશના યુવાનોને સંશોધનક્ષેત્રે પ્રેરીત કરતાં તેમણે યુવાનોને દેશ અને દુનિયાના વિકાસ માટે યોગદાન આપવા આહવાન કર્યું હતું. સમાજની સમસ્યાઓના સમાધાન માટે સંશોધનકાર્ય પર ભાર મૂકીને તેમણે આઈ.આઈ.ટી. ગાંધીનગરમાં સંશોધનાત્મક સંસ્કૃતિનું નિર્માણ કરવા અનુરોધ કર્યો હતો.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની ૨૦ યુનિવર્સિટીઓને વિશ્વની ટોચની ૫૦૦ યુનિવર્સિટીઓમાં મોખરાના સ્થાને આવવા શક્ય તમામ પ્રયત્નો અને પરિશ્રમ કરવાનો પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું કે, ભારતીય શિક્ષણનું સ્થાન અને મહત્વ વિશ્વમાં મોખરે રહે એ મારી અપેક્ષા છે, પરન્તુ આઝાદીના ૭૦ વર્ષે પણ ભારતની એક પણ યુનિવર્સિટી એ વિશ્વની મોખરાની ૫૦૦ યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવ્યું નથી. તેમણે ભારતની ૧૦ ખાનગી યુનિવર્સિટીઓ અને ૧૦ સરકારી યુનિવર્સિટીઓને શક્ય તમામ સજ્જતા કેળવીને વિશ્વની મોખરાની યુનિવર્સિટીઓમાં સ્થાન હાંસલ કરવા આહવાન કર્યું હતું. ભારત સરકાર આ માટે રૂ.૧૦૦૦ કરોડની આર્થિક મદદ પણ કરશે એટલું જ નહીં આવી સંસ્થાઓને જો જરૂર હશે તો ભારત સરકાર કે રાજ્ય સરકારના નિયમોમાંથી પણ મુક્તિ આપવામાં આવશે. યુનિવર્સિટીઓને પોતાની તાકાતની અભિવ્યક્તિ માટે આવશ્યક તમામ પ્રકારની સ્વતંત્રતા આપવાની ખાતરી આપતાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઈ.આઈ.ટી., ગાંધીનગરને આ પડકાર ઝીલી લેવા અનુરોધ કર્યો હતો. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે ગાંધીનગર નજીક આઈ.આઈ.ટી. માટે આવી મોંઘી અને મોકાની જમીન ફાળવી ત્યારે ગાંધીનગરનું કેમ્પસ તમામ આઈ.આઈ.ટી.માં શિરમોર કેમ્પસ બને એવું સમણું સેવ્યું હતું. આજે પોતાનું આ સમણું સાકાર થયું છે. એનો સહજ આનંદ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ અભિવ્યક્ત કર્યો હતો.

ગાંધીનગરમાં આઈ.આઈ.ટી.ના નવનિર્મિત સંકુલના લોકાર્પણ સમારોહની સાજોસાથ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાષ્ટ્રવ્યાપી પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાનનો શુભારંભ પણ કરાવ્યો હતો. ગુજરાત ઉપરાંત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી ઉપસ્થિત રહેલા કોમન સર્વિસ સેન્ટરના હજ્જારો કાર્યકરો અને યુવાનોને સંબોધતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, સ્વરાજ્યની સ્થાપના માટે પૂજ્ય મહાત્મા ગાંધીજીએ સાક્ષરતા અભિયાનને પ્રાધાન્ય આપ્યું હતું. આજે સુરાજ્યની સ્થાપના માટે ડિજિટલ સાક્ષરતા અનિવાર્ય છે. ગ્રામીણ ભારતમાં વસતા છ કરોડ પરિવારોને ડિજિટલી સાક્ષર કરવાનું લક્ષ્ય છે, એમ તેમણે જણાવ્યું હતું. આ માટે ભારત સરકારે આયોજનબદ્ધ કામગીરી હાથ ધરી છે.

આ પ્રસંગે પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન યોજના અંતર્ગત વિવિધ રાજ્યોમાંલાભાર્થીઓને વડાપ્રધાન શ્રી દ્વારા લેપટોપ તથા પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.

આ પ્રસંગે શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમા, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, રાજ્ય મંત્રી મંડળના સભ્યો, પદાધિકારીઓ, અગ્રણીઓ તથા ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રથી આવેલા કોમન સર્વિસ સેન્ટરના યુવાનો તેમજ આઈ.આઈ.ટી.ના ફેકલ્ટીઝ-વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

અનુભવ કેવો રહ્યો ? એવા એક પ્રશ્નના જવાબમાં જિજ્ઞાસા પટેલે કહ્યું કે આને કારણે મારે અનેક સેલેબ્રિટિ વ્યક્તિઓને મળવાનું થયું, તેમની સાથે મિત્રતા થઈ અને ખાસ તો તેઓ આ કક્ષાએ કંઈ રીતે પહોંચ્યા એ વાત જાણી જેને કારણે એક સકારાત્મકતા પ્રવેશી.'' આ નવલેખિકા છેલ્લા ત્રણેક વર્ષથી મુંબઈ શીફ્ટ થઈ ગયા છે. જ્યા ભારતની વિશાળ ફિલ્મ સીટી છે એવા મુંબઈના હૃદય સમાન ગોરેગાંવ જેવા વિસ્તારમાં પોતાનો ફ્લેટ લઈને મુંબઈની દુનિયામાં પ્રવેશ કરે છે.

જીવનમાં અનેક પ્રકારનો સંઘર્ષ કરીને આજે લેખન, અભિનય અને પત્રકારિત્વમાં સતત પ્રવૃતિશીલ રહેનાર આ નવલેખિકા અને અભિનેત્રી જિજ્ઞાસા પટેલ હજી આ ક્ષેત્રમાં ખુબ કામ કરવા ઈચ્છે છે. તેઓ ખુબ જ લોકપ્રિય લેખિકા અને ફિલ્મ ચરિત્ર અભિનેત્રી બનવાની ઈચ્છા રાખે છે.અને આ માટે હાલ તેઓ ખુબ મહેનત કરી રહ્યા છે. ગુજરાતીમાં એમ.એ.ની પદવી ધરાવનાર આ કલાકારને આગળ પીએચ.ડી કરવાની નેમ હતી પણ સમય અને સંજોગોને કારણે ના કરી શકાયું પણ હજીયે ભવિષ્યમાં જો ટાઈમ અને તક મળશે તો ડોકટરેટ બનવાની ખેવના છે. તો વળી પોતાની એક ફિલ્મ પ્રોડ્યુસ કરવાની અને સ્ત્રી તથા પીડિત બાળકો માટે કંઈક કરવાનું સપનું આ સ્ત્રી કલાકાર અંદર છે. ગુજરાતી ફિલ્મોના ભાવિ અંગે જણાવ્યું કે ગુજરાતી ફિલ્મો આજકાલ બનવા લાગી છે પણ લાંબું ચાલતી નથી. હિંદી, મરાઠી અને તમિલ ભાષાની ફિલ્મો જેવી ગુજરાતીમાં જ્યારે ફિલ્મો બનશે ત્યારે ગુજરાતની જનતા એ ફિલ્મોને સ્વીકારશે.

આમ માત્ર કલમને પોતાની તાકાત બનાવી કોઈપણ જાતના અનુભવ અને ઓળખાણ વિના દેશના સૌથી વધુ ધમધમતા શહેર મુંબઈ રહેવા જઈ સ્થિર થવું એ આજે એક સ્વપ્ન સમાન છે. જ્યારે આ જિજ્ઞાસા પટેલે એક સ્ત્રી હોવા છતાય સાબિત કરી આપ્યું છે. પોતાનો પરિવાર સુરત હોવાથી ધ્યાન પણ રહે છે. અવારનવાર મળવા જઈ શકાય છે. આમ આ રીતે એક સાથે અનેક ક્ષેત્રોમાં પોતાની જવાબદારી નિભાવીને આ ગુજ્જુ અભિનેત્રી-નવલેખિકા આજની યુવા પેઢી માટે એક પ્રેરણારૂપ છે. અસ્તુ

- 9426060601.india@gmail.com

## રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

જ એવો છે કે મોટા પરદાના મોટા મોટા કલાકારો ખેચાઈને આવે જ. ભૂતકાળમાં શાહરૂખ જેવા અને આમીર જેવા સુપરસ્ટાર નાના પરદે રીયાલીટી શો હોસ્ટ કરી જ ચુક્યા છે અને હાલમાં સલમાન જેવા મેગાસ્ટાર પણ આ કામ કરી જ રહ્યા છે એવામાં અક્ષયકુમાર જેવો અત્યારનો સફળ સ્ટાર પણ સ્ટાર પ્લસ પર ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જ લઈને આવી ગયો છે. જો કે અક્ષય આ પહેલા ખતરો કે ખિલાડીની ૨૦૦૮-૨૦૦૯ની બે સીજન અને ડેર ટુ ડાંસ નામનો ડાન્સ રીયાલીટી શો જજ કરી ચુક્યો છે એટલે એમ કહી શકાય કે રીયાલીટી શોમા અક્ષયનું પુનરાગમન થયું છે.

આમ તો જોતા જ ખ્યાલ આવી જતો હોય કે મોટાભાગના રીયાલીટી શો સ્ક્રિપટેડ જેવા લાગતા હોય જેમકે બીગ બોસ કે જેમાં રેગ્યુલર જોનારને ખ્યાલ આવી જ જાય કે કોઈએ કશીક તો બહારથી હિન્ટ આપી જ છે કે પછી ડાન્સિગ, સિંગિંગ રીયાલીટી શોમા પણ દેખાય આવે કે રીહર્સલો કર્યા પછી જ ફાઈનલ પરફોર્મન્સ આપવામાં આવ્યું છે છતાં પણ રીયાલીટી શોની લોકપ્રિયતા અમુક અપવાદોને બાદ કરતા ઈન્ડિયન ટેલીવિઝન પર જળવાઈ રહેલી છે એમાં બેમત નથી અને એનું કારણ છે કે જે લોકો સોપ ઓપેરાના ચાહકો નથી એમના માટે આ એક અલગ પ્રકારનું મનોરંજન છે, બસ શરત એટલી કે આવા રીયાલીટી શો મા 'રીયાલીટી 'શોધવા કરતા એન્ટરટેઈનમેન્ટ' કેટલું છે એ જોવું...! આફ્ટરઓલ મૂળ તો કામ મનોરંજનનું જ છે ને....!

## ટેન્ડર કમ જાહેર હરાજી (ત્રીજો પ્રયત્ન)

વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગની મારૂતિ એસ્ટીમ કાર નં. જીજે-૧૮-જી-૧૧૭૩ અને ટાટા સુમો કાર નં. જીજે-૧૮-જી-૧૧૭૪ જેની અપસેટ કિંમત અનુક્રમે રૂ. ૨૫,૦૦૦/- અને ૪૫,૦૦૦/- નિયત થયેલ છે. તેનો ટેન્ડર કમ હરાજીથી નિકાલ કરવા માટે ભાવપત્રક અનુક્રમે રૂ. ૨,૫૦૦/- અને ૪,૫૦૦/- મુજબ રાષ્ટ્રીયકૃત બેંકના ડ્રાફ્ટ / ફીક્સ ડીપોઝીટ રસીદ સાથે સીલબંધ કવરમાં તા. ૧૩/૧૦/૨૦૧૭ સુધીમાં ઉપસચિવશ્રી (મહેકમ) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, બ્લોક નં. ૭/૫મો માળ, સચિવાલય, ગાંધીનગર. ટે. નં. ૨૩૨૫૦૪૬૪ને મોકલી આપવા જણાવવામાં આવે છે. નક્કી કરવામાં આવેલ તળિયાની કિંમત (Up set Price)થી ઓછી કિંમતના ટેન્ડર લક્ષમાં લેવામાં આવશે નહી. આ વાહનની જાહેર હરાજી જે વ્યક્તિ / પાર્ટીએ ભાવપત્રકો સાથે બાનાની રકમ ભરેલ હશે તેમની હાજરીમાં ટેન્ડર ખોલી આ વિભાગના કમિટી રૂમમાં તા. ૧૭/૧૦/૨૦૧૭ના રોજ ૧૨.૦૦ કલાકે યોજવામાં આવશે. હરાજીની શરતો આ વિભાગની વેબસાઈટ www.dst.gujarat.gov.in પર મુકવામાં આવેલ છે.

સહી/-
(વિ. એમ. વસાવા)
ઉપસચિવ
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

માહિતી/૧૯૨૮/૧૭-૧૮

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## iNDEXTb-હેલિપેડ પ્રદર્શન મેદાન
## નિવિદા : વરસાદી ઘાસ નિકાલ બાબત

સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે આવેલ હેલિપેડ પ્રદર્શન મેદાનની અંદરના સંપૂર્ણ વિસ્તારમાં ફેલાયેલ બિનજરૂરી વરસાદી ઘાસ તથા નિંદણની કાપણીના યથાયોગ્ય રીતે નિકાલ કરવા સારૂ રસ ધરાવતી સંસ્થાઓ / વ્યક્તિઓ તરફથી સીલબંધ કવરમાં ભાવપત્રક રૂ. ૧૦,૦૦૦/-ની સિક્યુરીટી ડિપોઝીટ તથા સંસ્થા / વ્યક્તિના પાન નંબરની નકલ કાથે નીચે જણાવેલ કચેરીમાં તા. ૧૩/૧૦/૨૦૧૭ સુધીમાં મોકલી આપવાના રહેશે. ભાવપત્રક મંજુર કરવા અંગેનો ઈન્ડેક્ષ્ટબીનો નિર્ણય સંસ્થાઓ / વ્યક્તિઓને આખરી અને બંધનકર્તા રહેશે. સ્થળ મુલાકાત તા. ૧૧/૧૦/૨૦૧૭ના રોજ કચેરીના કામકાજના સમયગાળા દરમિયાન લઈ શકાશે. સમગ્ર કામગીરી તા. ૩૧/૧૦/૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે અને તે કામગીરી માટે જરૂરી સાધન સામગ્રી, મશીનો અને માનવબળ પૂરો પાડવાના ખર્ચનો પણ સદરહુ ભાવપત્રકમાં સમાવેશ કરવાનો રહેશે.

જનરલ મેનેજર (મહાત્મા મંદિર)
ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરો (ઈન્ડેક્ષ્ટબી)
બ્લોક નં. ૧૮, બીજો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ઘ-૪, ગાંધીનગર - ૩૮૨૦૧૧ (ગુજરાત)
ફોન : ૨૩૨ ૫૦૪૯૨ - ૫૦૪૯૩

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ